# ગાયત્રી તીર્થ શાંતિકુંજનો સંક્ષિપ્ત પરિચય

- ગંગાની ગોદી, હિમાલયની છાયામાં વિનિર્મિત શાંતિકુંજ ગાયત્રી તીર્થ હરિદ્વાર-ઋષિકેશ માર્ગ પર આવેલું છે.જે યુગઋષિ વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.શ્રીરામશર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્માની પ્રચંડ તપ સાધનાના સંસ્કારોથી અનુપ્રાણિત છે. આ જાગૃત તીર્થ લાખો-કરોડો ગાયત્રી સાધકોનું ગુરુદ્વારા છે.
- શાંતિકુંજ એક આધ્યાત્મિક સૈનિટોરિયમના રૂપમાં વિકસિત કરવામાં આવ્યું છે, જયાં શરીર, મન અને અંતઃકરણને સ્વસ્થ બનાવવા માટે અનુકૂળ વાતાવરણ, માર્ગદર્શન અને શક્તિ અનુદાનોનો લાભ ઉઠાવી શકાય છે.
- અહીં ગાયત્રી માતાનું ભવ્ય મંદિર તથા સપ્તઋષિઓની પ્રતિમાઓની સ્થાપના છે. ગાયત્રી સાધક અહીંના નિયમિત રૂપે થતાં સાધનાપ્રધાન સત્રોમાં ભાગ લઈને નવીન પ્રેરણાઓ તથા દિવ્ય પ્રાણઊર્જાના અનુદાન પામીને પોતાની આધ્યાત્મિક ઉન્નતિમાં સહાયતા પ્રાપ્ત કરે છે.
- સન્ ૧૯૨૬થી પ્રજ્વલિત દીપ અહીં સ્થાપિત છે, જેના સાંન્નિધ્યમાં પૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યએ કઠોર તપશ્ચર્યા કરીને તેને વિશાળ ગાયત્રી પરિવારની તમામ મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિઓનો મૂળ સ્રોત બનાવ્યો. તેનાં સાન્નિધ્યમાં કરોડોથી વધુ ગાયત્રી જપ થઈ ચૂકેલ છે. તેના દર્શન માત્રથી દિવ્ય પ્રેરણા તેમજ શક્તિસંચારનો લાભ સર્વેને મળે છે.
- આશ્રમની ત્રણ વિરાટ યજ્ઞશાળાઓમાં નિયમિત રૂપથી હજારો સાધક નિત્ય ગાયત્રી યજ્ઞ કરે છે. ભારતીય સંસ્કૃતિ અંતર્ગત બધા જ સંસ્કાર જેવા કે અન્નપ્રાશન, મુંડન, વિદ્યારંભ, યજ્ઞોપવિત, વિવાહ તથા શ્રાદ્ધકર્મ વગેરે અહીં નિઃશૂલ્ક કરાવવામાં આવે છે. તેમના વ્યવહારિક તત્ત્વદર્શનથી પ્રભાવિત થઈને અહીં નિત્ય મોટી સંખ્યામાં લોકો સંસ્કારો માટે આવે છે.
- શાંતિકુંજના ભવ્ય જડીબુટ્ટી ઉદ્યાનમાં ૩૦૦થી પણ વધુ પ્રકારની દુર્લભ-સર્વોપયોગી વનૌષધિઓ લગાવવામાં આવી છે. વિશ્વભરની આયુર્વેદ કોલેજોના શિક્ષાર્થી તથા વૈજ્ઞાનિકો અહીંનું વનૌષધિ ઉદ્યાન જોવા આવે છે. વિભિન્ન ગ્રહનક્ષત્રો માટે ભિન્ન પ્રકારની દિવ્ય ઔષધિઓનું એક જયોતિર્વિજ્ઞાન સમ્મત ઉદ્યાન અહીંની એક વિલક્ષણતા છે.
- અહીં નિષ્ણાત ચિકિત્સકો દ્વારા શારીરિક-માનસિક તપાસ નિઃશૂલ્ક કરવામાં આવે છે. તથા સાધનાની સાથે સાથે વનૌષધિ પ્રધાન ઉપચાર-સૂઝાવો પણ આપવામાં આવે છે.
- જડીબુટ્ટીઓ દ્વારા જનસામાન્ય માટે અત્યંત સસ્તી, સુગમ ચિકિત્સા પદ્ધતિના વિસ્તાર-વિકાર માટે અહીં એક કેન્દ્ર સ્થાપિત છે. ચૌદ વનૌષધિઓનાં સંમિશ્રણથી બનેલ પ્રજ્ઞાપેયનો પ્રયોગ ચા ના સ્થાને દેશવિદેશોમાં થઈ રહ્યો છે. જેણે અનેક વ્યકિતઓના દુર્વ્યસનો છોડાવ્યા છે.
- બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનમાં અધ્યાત્મ વિજ્ઞાનના મહત્વપૂર્ણ સૂત્રોને ભૌતિક વિજ્ઞાનના આધાર પર શોધ-પ્રયોગ દ્વારા પુનઃસ્થાપિત કરવાનું કાર્ય કરવામાં આવી રહેલ છે. મંત્રશકિત, ધ્યાન પ્રાણાયામ, યજ્ઞ વગેરેના વિજ્ઞાનસમ્મત પ્રતિવાદનોથી લાખોની સંખ્યામાં વિચારશીલોની માન્યતાઓ અને આસ્થાઓ વૈજ્ઞાનિક અધ્યાત્મવાદથી જોડાયેલ છે. વિશ્વભરના વિચારશીલો એને જોઈને પ્રભાવિત થતા રહે છે.
- અહીંના વિશાળ ભોજનાલયમાં પ્રતિદિન પાંચ હજારથી પણ વધુ શ્રદ્ધાળુઓ તથા અનુમતિ લઈને આવેલ શિક્ષાર્થીઓ નિઃશૂલ્ક ભોજનરૂપી પ્રસાદ ગ્રહણ કરે છે.
- અહીંનુ પત્રાચાર વિદ્યાલય ભારત તેમજ વિશ્વભરમાં બેઠેલા જિજ્ઞાસુઓ, પ્રજ્ઞાપરિજનોને હંમેશા જીવનની સમસ્યાઓનાં નિરાકરણ માટે માર્ગદર્શન આપતું રહે છે.

- ગરીબી તથા બેકારી ઉન્મૂલનની આર્થિક ક્રાન્તિ અંતર્ગત સરાસરી ભારતીય સ્તરની આજીવિકા ઉપાર્જન હેતુ અહીં એક સ્વાવલંબન વિદ્યાલય બનાવવામાં આવ્યું છે. જેમાં નાનાં નાનાં કુટીર ઉદ્યોગો દ્વારા ઉપાર્જનનું નિઃશૂલ્ક પ્રશિક્ષણ આપવામાં આવે છે. અહીંના રચનાત્મક વિભાગ દ્વારા ગ્રામ્ય વિકાસ તથા ગૌશાળાઓની સ્થાપના સંબંધી પ્રશિક્ષણો વર્ષભર ચલાવવામાં આવે છે. સમગ્ર દેશમાં સ્વાવલંબન ગ્રામ્ય વિકાસના મૉડેલ પણ ઊભા કરવામાં આવ્યા છે. સાધના, શિક્ષણ, સ્વાવલંબન તેમજ આયુર્વેદના પુનઃજાગરણ જેવી અનેક વિચારધારાઓ પર કેન્દ્રિત એક વિરાટ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય સ્તરની સ્થાપના અહીં કરવામાં આવી છે.
- સૌર ઉર્જાની ઉપલબ્ધિઓ પર આધારિત તથા પવન ઉર્જાથી સંચાલિત ઉપકરણ અહીં સ્થાપિત છે. જે દ્વારા ગ્રામ્ય વિસ્તારના પરિજનોને વૈકલ્પિક ઉર્જા સંબંધી શિક્ષણ આપવામાં આવે છે.
- જન સામાન્યમાં જન-જાગરણ તથા લોક-શિક્ષણના ઉદ્દેશ્યથી અહીંના આધુનિકતમ વીડીયો સ્ટુડિયોમાં નાટક, ગીત, એકશન સોંગ તથા નાની નાની ટેલીફિલ્મો તૈયાર કરીને જન-જન સુધી તથા કેબલ નેટવર્કના માધમથી ઘરે ઘર પહોંચાડવામાં આવે છે.
- અધ્યત્મના ગૂઢ વિવેચનોની સરળ વ્યાખ્યા કરીને તેમને જીવનમાં કેવી રીતે ઉતારવામાં આવે, પોતાના ચિંતન, ચરિત્ર્ર અને વ્યવહારમાં ઉત્કૃક્ષ્ટતા લાવીને વ્યકિતત્વને પ્રભાવકારી બનાવવામા માટેનાં નવ દિવરીય સંજીવની સાધના સત્ર્રો સમગ્ર વર્ષ દરમ્યાન ચાલે છે.
- લોકસેવીઓનૃં સર્વાંગપૂર્ણ શિક્ષણ કરીને ધર્મતંત્ર્રથી લોકમાનસનો પરિષ્કાર અહીંનો એક વિશિષ્ટ કાર્યક્રમ છે. એક માસના સત્રોમાં પાંચ સો થી વધુ ભાવનાશીલ કાર્યકર્તા નૈતિક, બૌદ્ધિક તથા સામાજિક ક્રાન્તિનું પરિપૂર્ણ શિક્ષણ પ્રતિમાસ લે છે. શિક્ષણ, નિવાસ અને ભોજનની વ્યવસ્થા નિઃશૂલ્ક છે.
- કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોના વિભિન્ન પદાધિકારિઓને અહીં નૈતિક, બૌદ્ધિક તથા વ્યકિતત્વ પરિષ્કારનું પ્રશિક્ષણ પાંચદિવસીય સત્રોમાં આપવામાં આવે છે. અત્યાર સુધી એંસી હજારથી વધુ અધિકારી આ મૂલ્ય પરક શિક્ષણોથી લાભ મેળવી ચૂકયા છે.
- અહીં હિમાલયની એક દિવ્ય વિરાટ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જેમાં તમામ તીર્થોનું દિગ્દર્શન સાધકોને એના ઇતિહાસની પૃષ્ઠભૂમિની સાથે મલ્ટીમીડીયા પ્રોજેકશન પર કરવામાં આવે છે. સાઇઠ ફૂટ પહોળી, પંદર ફૂટ ઉંચી પ્રતિમા સમક્ષ બેસીને ધ્યાન કરવાનો એક અલગ જ આનંદ છે. દર્શનાર્થી પંકિતબદ્ધ થઇને દર પંદર મિનિટે થતાં આ ધ્યાનક્રમમાં સામેલ થાય છે.
- અહીંથી અખન્ડ જયોતિ તેમજ યુગનિર્માણ યોજના નામે હિન્દી માસિક તથા યુગશકિત ગાયત્રી- ગુજરાતી, મરાઠી, .ડીયા, બંગીા, તમિલ, અંગ્રેજી અને તેલુગુ વગેરે ભારતની લગભગ તમામ ભાષઓમાં તથા પ્રજ્ઞા અભિયાન પાક્ષિક હિન્દી તેમજ ગુજરાતીમાં પ્રકાશિત થાય છે. ભારત અને વિશ્વમાં આ તમામ પત્રિકાઓના પાઠકોની સંખ્યા લગભગ પચ્ચીસ લાખ છે.
- ગાયત્રી પરિવારના સંસ્થાપક પરમપૂજય ગુરુદેવ પં શ્રી રામ શર્મા આચાર્ય દ્વારા ગાયપ્રી મહાવિદ્યા, જીવન જીવવાની કળા, વ્યકિત, પરિવાર તથા સમાજ નિર્માણ જેવા વિષયો પર ત્રણ હજારથી વધુ પુસ્તકો લખવામાં આવી છે., જેનું પ્રકાશન ગાયત્રી તપોભૂમિ તેમજ અખંડ જયોતિ સંસ્થાન મથુરા દ્વારા હિન્દી તેમજ અન્યાન્ય દસ ભાષઓમાં કરવામાં આવ્યું છે. આ યુગસાહિતયએ કરોડો વ્યકિતઓનું નિરંતર પરિવર્તન કર્યુ છે. ગાયત્રી મહાવિજ્ઞાન ત્રણ ભાગોમાં, પ્રજ્ઞાપુરાણ ચાર ખંડોમાં, સમગ્ર આર્ષ સાહિત્ય તથાવૈજ્ઞાનિક અધ્યત્મવાદ પર લખવામાં આવેલ સાહિત્ય વિશેષ લાકપ્રિય થયું છે. વેદોના નવીનતમ વૈજ્ઞાનિક રહસ્યોનું ઉદ્ઘાટન કરનારા ભાષ્ય વિદ્વાનો માટે પ્રેરણાદાયી સિદ્ધ થળ રહેલ છે. આ તમામ સાહિત્યને ૧૦૮ વાંગમયમાં ક્રમબદ્ધ કરીને તેની સ્થાપના દેશ-વિદેશોમાં કરવામાં આવી છે.

- પરમ પૂજ્ય ગુરુદેવ પં. શ્રી રામ શર્મા આચાર્યજીને ૧૯૬૪માં સમ્પન્ન સર્વધર્મ સભામાં પંજાબનાં કાર્યકારી ગૃહમંત્રી શ્રી મોહનલાલ શર્મા દ્વારા લાઇટ ઓફ ઇન્ડિયાની ઉપાધિ, ૧૯૭૬માં ઉ. પ્ર.ના સામયિક રાજ્યપાલ માનનીય ડૉ. એમ. ચેન્નારેડ્ડી દ્વારા સંસ્કૃત એકેડેમીનું સન્માનનીય સભ્યપદ, ૨૯ જાન્યુ. ૮૮ એ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા તામ્રપત્ર અને સ્વાતંત્ર્ય સેનાની સન્માન પત્ર જેવા સન્માન આપવામાં આવ્યા.
- ૨૭ જૂન ૧૯૯૧માં સમયકાલીન ઉપરાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. શંકરદયાળ શર્માજી દ્વારા પરમપૂજ્ય ગુરુદેવના સન્માનમાં એક રુપિયાની રંગીન ટપાલ ટિકીટ જાહેર કરવામાં આવી. મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયે પોતાના પુસ્તક દેશમણીમાં ૨૪ મહાપુરુષોને સ્થાન આપ્યું છે. જેમાં માત્ર ભારત રત્ન શ્રી લાલ બહાદુર શાસ્ત્રી તથા પં. શ્રીરામ શર્મા આચાર્યના સંદર્ભમાં બે-બે લેખો લખવામાં આવ્યા છે.
- કૃષિ મંત્રાલય ભારત સરકાર દ્વારા શાન્તિકુંજને પ્રાકૃતિક વિપત્તિ નિવારણ સલાહકાર પરિષદનું સભ્યપદ આપવામાં દાવ્યું. ભૂકંપ તથા અન્ય દૈવી આપત્તિઓમાં કેન્દ્રએ જન -ધન શકિતથી સદાય મદદ કરી છે. કારગીલ સંકટ સમયે ભારતે ગાયત્રી પરિવારે સવા કરોડ રુ. ની ધનરાશી રાષ્ટ્રીય સુરક્ષા કોષમાં આપી છે.
- આ આશ્રમમાં સમયે-સમયે માનનીય શ્રી એમ. ચેન્નારેડ્ડી, શ્રી સત્યનારાયણરેડ્ડી બન્ને સમયકીલન રાજ્યપાલ, શ્રીઅર્જુનસિંહ (પૂર્વ માનવ સંશાધન મંત્રી), શ્રી વિદ્યાચરણ શુકલ(સંસદીય કાર્ય મંત્રી), શ્રી શ્રીપતિ મિશ્ર(પૂર્વ મૂખ્યમંત્રી ઉ. પ્ર.) શ્રી દિગ્વિજય સિંહ (મુખ્યમંત્રી મ. પ્ર.), શ્રી મુલાયમ સિંહ(મુખ્યમંત્રી ઉ. પ્ર.), શ્રી ભૈરોસિંહ શેખાવત(મુખ્યમંત્રી રાજસ્થાન), શ્રી અમરસિંહ ચૌધરી(પૂર્વ મુખ્યમંત્રી ગુજરાત), શ્રીમતી મોહસીના કિદવઇ, શ્રી ઇબ્રાહિમ કુરેશી, શ્રી મુરલી મનોહર જોશી, શ્રી ચંદ્રશેખર સિંહ(ભૂ. પૂ. પ્રધાનમંત્રી) તથા પ્રો. રાજેન્દ્રસિંહ(રજ્જૂ ભૈયા), મહામહિમ દલાઇલામા વગેરે અનેક મહાનુભાવ પધારી ચૂકયા છે. તેઓ સર્વેએ આ આશ્રમની ભરપૂર પ્રસંશા કરી છે.
- શાંતિકુંજના પ્રયત્નોથી દેશભરમાં ૪૦૦૦થી અધિક ભવ્ય ગાયત્રી શકિતપીઠો બની છે. તેમના માધ્યમથી દસ લાખ લોકસેવીઓ જન-જનમાં આસ્થા વિસ્તાર તથા નૈતિક પુનરુત્થાનના કાર્યક્રમને ચલાવી રહ્યા છે.
- જન જનમાં દેવસંસ્કૃતિ સંવર્ધન તથા આસ્થા સંવર્ધન હેતુ શાંતિકુંજથી જીપકાર અને સાઇકલો દ્વારા પ્રજ્ઞાટોળીઓ દેશભરમાં તથા વિદેશમાં મોકલવામાં આવે છે. જેમાં યજ્ઞ, દીપયજ્ઞ, સંસ્કાર તથા સાધના સત્ર આયોજન દ્વારા આ ટોળીઓ લોકશિક્ષણ તથા જ્ઞાનાલોક વિતરણ કરે છે.
- કેદીજીવનમાં સુધારણા માટે ગાયત્રી પરિવાર દ્વારા દેશભરમાં કારાગૃહમાં કેદીઓના જીવનમાં સુધારણા માટે વિભિન્ન કાર્યક્રમ આંદોલનના રુપમાં ચલાવવામાં આવી રહ્યા છે.
- દેવસંસ્કૃતિ દિગ્વિજય અભિયાનના ક્રમમાં શાંતિકુંજ દ્વારા દેશ-વિદેશમાં ૨૭ અશ્વમેઘ મહાયજ્ઞ, એક વાજપેય યજ્ઞ, તેમન એક વિરાટ અર્ધપૂર્ણાહૂતિ તથા અતિવિરાટ મહાપૂર્ણાહૂતિ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યા છે. માત્ર પર્યાવરણ જ નહીં પરંતુ અનય વૈજ્ઞાનિક પ્રયોગોમાં પણ આ યજ્ઞોને ઘણાં જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યા છે.એનવાયર્મેન્ટલ એન્ડ ટેકનિકલ કન્સલટન્ટના નિર્દેષકે ઉત્તરપ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સહાયતાથી ગોરખપૂર અશ્વમેઘ યજ્ઞના પર્યાવરણ પરના પ્રભાવના અનુસંધાન દ્વારા જણાવ્યું કે યજ્ઞથી હવામાં સલ્ફર ડાયોકસાઇડની માત્રા ૩.૦૩૬ માઇક્રોગ્રામથી ઘટીને ૦.૮ માઇક્રોગ્રામ થઇ. આ જ રીતે નાઇટ્રોજન મોનોકસાઇડની માત્રા ૧.૧૬ માઇક્રોગ્રામથી ઘટીને ૧.૦૨ માઇક્રોગ્રામ થઇ ગઇ. યજ્ઞ પૂર્વે ૧૦૦ મિ.લિ. પાણીમાં ૪૫૦૦ બેકટેરિયા હતા, જે યજ્ઞ બાદ ઘટીને માત્ર ૧૨૦૦ થઇ ગયા. યજ્ઞના પર્યાવરણ પર થતાં અસરકારક પરિણામોને

જોઈને શાંતિકુંજ દ્વારા ભારત સરકાર સાથે સંપર્ક કરવામાં આવ્યો છે, જેથી સંયુકત રાષ્ટ્રસંઘના માધ્યમથી યજ્ઞોપચાર પ્રક્રિયા (યજ્ઞોપૈથી) પર વિશ્વભરમાં થઈ રહેલા અનુસંધાન કાર્યોને પ્રોત્સહિત તથા વિસ્તારિત કરી શકાય. શાંતિકુંજમાં યજ્ઞોપેથી પર એક વિરાટ તંત્રની સ્થાપના કરવામાં આવી છે.

- સમગ્ર રાષ્ટ્રની કુંડલીની જગરણ માટે પરમ પૂજ્ય ગુરુદેવે યુગસંધિ મહાપુરશ્ચરણની ઘોષણા કરી હતી. જે અંતર્ગત લગભગ લગભગ ૨૪ લાખ વ્યક્તિઓ પ્રતિદિન લગભગ ૨૪૦ કરોડ ગાયત્રી મંત્રનું મહા અનુષ્ઠાન કરી રહ્યા છે. જેની પ્રથમ પૂર્ણાહુતિ ૩ થી ૭ નવેમ્બર-૯૫માં પૂજ્ય ગુરુદેવની જન્મસ્થળી આંબલખેડા આગ્રામાં કરવામાં આવી. જેમાં લગભગ ૫૦ લાખ પરિજનોએ ભાગ લીધો. દ્વિતીય પૂર્ણાહુતિ સન ૨૦૦૦માં પાંચ ચરણમાં પૂર્ણ થઈ, જેમાં લગભગ એક કરોડ સાધકોએ ભાગ લીધો.
- આરોગ્ય સેવાઓની દૃષ્ટિએ આપણાં ગામડાઓ તદ્દન ઉપેક્ષિત છે. જેના નિવારણ માટે ગાયત્રી પરિવાર દ્વારા સમગ્ર દેશમાં ચલ ગ્રામ્યચિકિત્સા સેવાની શરુઆત કરવામાં આવી છે. શરૂઆત આગ્રા-આંબલખેડાથી કરવામાં આવી છે, સમગ્ર દેશમાં તેનો વિસ્તાર કરવામાં આવ્યો છે. માત્ર સ્વાસ્થ્ય પરિક્ષણ જ નહીં, પરંતુ નિઃશુલ્ક ઔષધિઓ પૂરી પાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગ્રામ્યવાસીઓને બૌધ્ધિક શિક્ષણ પણ આપવામાં આવે છે.
- ભાવિ યોજનાઓમાં આયુર્વેદ શોધ અનુસંધાન કેન્દ્ર અને મલ્ટીવર્સિટીની સ્થાપના મુખ્ય છે. આ માટે શાંતિકુંજની પાસે જ જમીનની વ્યવસ્થા કરવામાં આવી છે. ભૂમિપૂજન થઈ ચુક્યું છે, તુરંત જ આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં મિશનની સેવાઓ પોતાના ગૌરવની સાથે પ્રગટ થશે.
- દૈવી શક્તિઓ દ્વારા પરોક્ષ રૂપથી સંચાલિત આ વિરાટ મિશનની સમગ્ર વ્યવસ્થા લાખો વ્યક્તિઓ દ્વારા પ્રતિદિન એક મુઠ્ઠી અનાજ અને વીસ પૈસાની રાશિ દ્વારા જ ગત પચાસ વર્ષોથી ચાલી રહી છે. નિષ્ઠાવાન પરિજન નિયમિત એકથી ચાર કલાકનો સમય, એક-એક દિવસની આજીવિકા આ પૂણ્ય પ્રયોજન માટે આપે છે.
- લગભગ એક હજાર ઉચ્ચ શિક્ષિત કાર્યકર્તાઓ અહીં સ્થાયી રૂપથી સપરિવાર નિવાસ કરે છે. નિર્વાહ માટે તેઓ સરાસરી ભારતીય સ્તરનું ભથ્થું સંસ્થા પાસે લે છે.
- શાંતિકુંજ દ્વારા રાષ્ટ્રીય આફતોથી રક્ષણ માટે 'આફત પ્રબંધન વાહિની'ની રચના કરવામાં આવી છે. જેમાં ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સહિત સાત વાહનો તથા ૩૦૦ પ્રશિક્ષિત કાર્યકર્તાઓ છે.
- લગભગ ૭૨ એકર ભૂમિમાં 'દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આ વિશ્વવિદ્યાલય એવા સ્નાતક તૈયાર કરશે, જે 'હિન્દુ પાદરી'ની ભૂમિકા નિભાવતાં દેવસંસ્કૃતિના પ્રચાર પ્રસારમાં સહયોગ કરી શકશે.
- આમ શાંતિકુંજ એક એવી સ્થાપના છે, જેને સાચા અર્થમાં યુગતીર્થ કહી શકાય છે. અહીં આવનાર વ્યક્તિ ગદ્‌ગદ થઈને જાય છે, તેમજ નૈસર્ગિક સૌંદર્ય તથા આધ્યાત્મિક ઉર્જાથી અનુપ્રાણિત વાતાવરણમાં વારંવાર આવવા માટે તત્પર રહે છે. આ સ્થાપનાના દર્શન માટે સૌને સહર્ષ આમંત્રણ છે. આશ્રમ જોવા આવનારા માટે નિઃશુલ્ક ગાઈડની વ્યવસ્થા છે. કોઈપણ શિબિરમાં અહીં આવતા પહેલા મંજુરી પત્ર જરૂરથી મંગાવી લેશો, સરનામું નીચે મુજબ છેઃ-

**સંપર્ક સ્થાનઃ**-ગાયત્રી તીર્થ-શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાંચલ)પીન-૨૪૯૪૧૧

**ફોન નં**-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨,૨૬૦૪૦૩, ૨૬૧૯૫૫ ફેક્સઃ-(૦૧૩૩૪)૨૬૦૮૬૬